# શું થવા બેઠું છે! ક્યારેક કફસીરપથી, ક્યારેક ચોકોલેટથી મોત!

**ગયે અઠવાડિયે અમે વાંચેલું: એક દેવાલયની બાજુમાં એક મહિલાને કોઇ ભક્તજને 'પ્રસાદ' આપ્યો અને પછી એ મહિલા ભાનમાં આવ્યાં ત્યારે પૂરેપૂરા લૂંટાઇ ચૂક્યાં હતાં! પ્રસાદ જ નહિ, ક્યારેક અજાણ્યાની અથવા જાણીતાને નામે બદમાશોએ મોકલેલી ભેટ પણ કારમા પરિણામ આણી શકે...**

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

## મીઠુંમધુરું મોત-1

'તમે આ આલ્કોહોલ ચોકોલેટ્સનું કમઠાણ વાંચ્યું અજયબાબુ?' એક સવારે પ્રાઈવેટ ડિટેક્ટીવ અજય વર્માની સહાયક રાધિકા ચેટરજીએ અખબારનાં પાનાં ઉલટાવતાં પ્રશ્ન કર્યો. અજય એ વેળા પોતાને અતિ પ્રિય એવા પુસ્તક કન્સાઈઝ ઓક્સફર્ડ ડિક્શનરી વાંચી રહ્યો હતો. એનો દાવો હતો કે વિશ્વસમસ્તના સર્જન અને વિસર્જનના મૂળમાં શબ્દ રહેલો છે. માટે કશું પણ પામવા માટે પહેલાં શબ્દને પામ્યો.

પોતાની આ સમજણને બળે એ બોલ્યો, 'તું એમ કહેવા માગે છે કે બાળકોને વહાલી ચોકોલેટ્સ પણ હવે આલ્કોહોલ એટલે શરાબયુક્ત બનવા લાગી?'

'હા, અજયબાબુ. છાપાંઓમાં ચર્ચા છે કે બજાર દારૂવાળી ચોકોલેટ્થી ઊભરાઇ રહ્યાં છે. અને ફરિયાદ છે કે પોલીસ આ અંગે કેમ કશાં પગલાં ભરતી નથી?'

'આજની આ ફેશન છે, રાધિકા. દરેક વાતે અને દરેક પગલે પોલીસને દોષ દેવો. અરે કેટલાંક છાપાં તો પોલીસને દોષ દેવાનો પોતાનો જન્મસિદ્ધ અધિકાર જ માની બેઠાં છે!'

'અજયબાબુ! અજયબાબુ!' રાધિકાએ બંને હાથ ઊંચા કરતાં પોકાર્યું, 'કેમ આજે પોલીસની આટલી બધી વકીલાત થઈ રહી છે!'

'કારણ કે આલ્કોહોલ ચોકોલેટ્સવાળો કિસ્સો મને અકળાવી રહ્યો છે, કારણ કે આપણા દેશમાં આવી ચીજના ય ગ્રાહકો નીકળશે એવી ઉત્પાદકોને ખાતરી છે અને પરિણામે... પરિણામે પોલીસ દોડશે! જેમકે આપણો પોલીસવાળો મિત્ર, નવરંગપુરા પોલીસ સ્ટેશનનો ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈ અત્યારે જ દોડી રહ્યો છે! વાતોના વહેણમાં તેં એની મોટરસાયકલનો અવાજ સાંભળ્યો નથી. જરા બારીમાંથી નીચે નજર કર. એ ગાડી પાર્ક કરતો હશે.'

રાધિકાએ ઓફિસની બારીએ જઈને નજર કરી. ખરેખર ઈન્સ્પેક્ટર દિનકર દેખાયો. એના ચહેરા પર પ્રસન્નતાના અને પ્રશંસાના રંગ છંટાઈ ગયા. બોલી ઊઠી, 'અજયબાબુ! યૂ આર વન્ડરફૂલ!'

'ઓફ કોર્સ આઈ એમ!' અજયે અમિતાભ સ્ટાઈલમાં કોલર ઊંચા કરતાં મલકાટ કર્યો. પછી તરત જ ગંભીર બનતા ટકોર કરી. 'મને મસ્કો મારવાની મેં તને મનાઈ કરી છે ને!'

એટલામાં ઓફિસને બારણે દિનકર હાજર થઈ ગયો. બંને ડિટેક્ટિવો પર નજર ફેરવતાં એણે ઉચ્ચાર્યું, 'ગૂડ મોર્નિંગ! મને અત્યારના પહોરમાં જોઈને નવાઈ લાગે છે ને?'

'ના!' અજય બોલ્યો.

'જરાય નહિ!' રાધિકાએ પણ ભવાં નચાવતાં ઉમેર્યું.

'ના? જરાય નહિ? કમાલ છે. અલ્યાંઓ હું અત્યારના પહોરમાં વગર જણાવ્યે આવું અને તમને નવાઈ ન લાગે?'

'ના? કારણ કે અમે તારા વાહના અવાજથી જ તારો અણસાર મેળવી લીધો હતો. આવ બેસ,' અજયે કહ્યું.

'અને અજયબાબુ ક્યારનાં ય તમારી જ વકીલાત કરતા હતા, એટલે પણ પોલીસવાળાની અમને નવાઈ લાગે એમ નહોતું.' રાધિકાએ ઉમેર્યું.

'તમે લોકો અમારી વકીલાત કરો છો, એ માટે આભાર. અને જે ખણખોદ કરીને અમને સભાન રાખે છે, એમનોય આભાર. પણ આજે હું તમારો આગોતરો આભાર માનવા આવ્યો છું, કારણ કે એક બાબતમાં તમારો સહકાર જોઈશે.' દિનકરે કહ્યું.

'એ તો અમે જાણીએ છીએ જ કે તમે લાભ વગર અમારી બાજુ લોટો એવા નથી!' અજયે ચાબખો માર્યો. પછી ટેબલ પરની ઘંટડી વગાડીને આગળની ઓફિસમાં બેઠેલા રણછોડને બોલાવ્યો. એને ચાની જોગવાઈ કરવાની સૂચના આપીને ફરી દિનકર ભણી વળતાં પૂછ્યું, 'તું પેલી આલ્કોહોલ ચોકોલેટ્સ વિશે જ વાત કરવા ધારે છે ને?'

'અજય! યૂ આર-'

'વન્ડરફુલ, બરાબર ને? તું અને રાધિકા મને એટલો ફુલાવશો, એટલો ફુલાવશો કે હું ફૂટી જઈશ. માટે મહેરબાની કરો. કામથી કામ રાખો.'

'પણ હું આલ્કોહોલ ચોકોલેટ્સની જ વાત કરવા આવ્યો છું!' દિનકરે જણાવ્યું.

'આપણે આ ચોકોલેટ્સનાં મૂળ શોધી કાઢવા જોઈએ એમ જ ને?'

'ના, અજય? મારા આવવાનો આશય જુદો છે. કેસ એમ છે કે આ નવી ચોકોલેટ્સ માનવ-બલિ લેવા લાગી છે. કમસેકમ એક મોત આ ચોકોલેટથી નિપજ્યું છે.'

'ઓહ! શું થવા બેઠું છે? ક્યારેક કફસીરપથી મોત, ક્યારેક ચોકોલેટથી મોત!' અજય પોકારી ઊઠ્યો.

'પણ... આલ્કોહોલ ચોકોલેટથી મોત?' રાધિકા પૂછી રહી.

'ના, રાધિકા! ઝેરવાળી આલ્કોહોલ ચોકોલેટથી મોત!' દિનકરે સ્પષ્ટતા કરી. પછી ગંભીરતાપૂર્વક મસ્તક ધુણાવતાં કહ્યું, 'એની વિગતો છાપામાં વાંચવા મળી નહિ હોય, કારણ કે અમે એને માત્ર અકસ્માતનો કેસ ગણીને મરનારની અંતિમ ક્રિયા થવા દીધી છે. આજે મૈયતનું બેસણું પણ હતું.'

'આજે છાપામાં ફક્ત એક બેસણાની જાહેર ખબર હતી.' રાધિકાએ નિરીક્ષણશક્તિનો પરિચય આપ્યો.

'કોઈ જિજ્ઞા બદામી નામના બહેનનું બેસણું હતું.'

'શાબાશ!' દિનકરે એને પણ અભિનંદન આપ્યાં. 'હવે પોલીસ ખાતું ખાતરી કરવા માંગે છે કે ઝેરી ચોકોલેટ ખાવાથી જિજ્ઞા બદામીનું મોત નિપજ્યું એ ખાલી અકસ્માત હતો કે કાવતરું?'

'હં... લે, આ રણછોડ ચા લઈ આવ્યો. એને ઈન્સાફ આપ અને સાથે સાથે કેસની વિગતો આપ.' અજયે સૂચવ્યું.

એટલે ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈએ જે કથા કરી તે લગભગ આમ હતી:

ગઈ 15 નવેમ્બરની સવારના સાડા દસ વાગે કરોડોપતિ શેરદલાલ વિમલ આશર એની કાયમની ટેવ મુજબ સિટીઝન્સ જિમખાનામાં પ્રવેશ્યો, ત્યારે રીસેપ્શન કાઉન્ટર પર બેઠેલી છોકરીએ તેને ત્રણ પત્રો અને એક પાર્સલ આપ્યાં. આશર નિયમિતપણે જિમખાના પર આવતો એની ખબર હોવાથી ઘણા એની ટપાલ આ સરનામે મોકલતા. (ઘણા લોકો 'અમુક' પ્રકારની ટપાલ ઘેર ન આવે એમ ઈચ્છતા હોય છે!)

વિમલ આશર ટપાલો લઈને જિમખાનાના એક ટેબલ પાસે બેઠો અને ટપાલો ખોલવા લાગ્યો. થોડી જ મિનિટોમાં એના એક સભ્ય ગૌરવ બદામી જિમખાનામાં દાખલ થયો. રીસેપ્શનિસ્ટે એને પણ એક પત્ર અને શેરબજારનું હોય એવું મોટું પરબીડિયું આપ્યાં. એ પણ ટપાલ લઈને વિમલ તરફના ટેબલ ભણી ચાલ્યો. એણે વિમલને અભિવાદનસૂચક હાથ ઊંચો કર્યો. બંને પરસ્પર બહુ પરિચિત ન હતા, પણ એક જિમખાનાના સભ્ય હોવાને નાતે 'હાય-હલો'ના સંબંધ હતા. વળી સભ્યોની પરિચય પુસ્તિકા દ્વારા એકબીજાના વ્યવસાય વગેરેથી પરિચિત હતાં.



**પાર્સલમાં પ્લાસ્ટિકનું એક બોક્સ હતું, જેના પર લખ્યું હતું: 'સેમ્પલ! મોતીઆણી એન્ડ કંપનીની નવી ભેટ. ઝૂમઝૂમ ચોકોલેટ્સ!' એ બોક્સ પર પણ પરબીડિયું હતું**

વિમલે પેલા ત્રણે પત્રો પર નજર ફેરવી લીધા પછી પાર્સલ પર નજર કરી. એ ખોલ્યું અને નિરાશાસૂચક ઊંહકારો કર્યો. પાર્સલમાં જે હતું એથી એને આનંદ થયો ન લાગ્યો. પાર્સલમાં પ્લાસ્ટિકનું એક બોક્સ હતું, જેના પર લખ્યું હતું: સેમ્પલ! મોતીઆણી એન્ડ કંપનીની નવી ભેટ. ઝૂમઝૂમ ચોકોલેટ્સ! એ બોક્સ પર પણ પરબીડિયું હતું. વિમલે એ ખોલીને સંદેશ વાંચ્યો અને વળી નારાજગીનો એક ઊંહકાર કર્યો! એને પાર્સલ પ્રત્યે આવો પ્રતિભાવ વ્યક્ત કરતો જોઈને ગૌરવ પોતાની ટપાલ બાજુએ રાખીને એના તરફ જ જોઈ રહ્યો હતો. એ તરફ ધ્યાન જતાં, પડોશી સાથે કોઈ રમૂજી હરકત માણવાને ઈરાદે હોય એમ, વિમલે પેલો પત્ર ગૌરવ ભણી ધર્યો. ગૌરવે ઊભા થઈને એ પત્ર લીધો અને બાજુની ખુરશી પર બેસીને એ વાંચવા માંડ્યો.

પત્ર લાંબો ન હોતો. મોતીઆણી એન્ડ કંપનીના લેટરહેડ પર લખાયું હતું કે અમે ઝૂમઝૂમ ચોકોલેટ બજારમાં મૂકી રહ્યા છીએ. આપના જેવા કદરદાનોને સેમ્પલ મોકલીએ છીએ. આજકાલ જેની ફરિયાદ છે તે આલ્કોહોલ આમાં નથી... (જેનો ખરો અર્થ કદાચ એ હતો કે એમાં આલ્કોહોલ છે જ!) છેલ્લે, વિનંતી હતી કે આપને જો આ સેમ્પલ ગમે તો આપનો અનુકૂળ પ્રતિભાવ લખી જણાવશો...

'મારા બેટા આ લોકો મને શું ફિલ્મની હીરોઈન સમજે છે કે હાથ ઉપાડીને કહેવા માંડુ કે ઝૂમઝૂમ ઝાપટી!' વિમલ આશરે એક મધુર ચીજના સંદર્ભમાં કડવાશ ઠાલવી. 'નાલાયકોને ક્યાંથી ખબર હોય કે મને અડતાળીસ થયાં અને ડોક્ટરોએ ચા-કોઝી સિવાય કશાંય ગળપણ લેવાની ના પાડી છે! એમાં આ ચોકોલેટના સેમ્પલ! છી!'

'અરે, ભાઈ, તમે ચોકોલેટ્સ ઉપર આટલા નારાજ કાં થાવ? તમે માનશો? ચોકોલેટ્સ જોઈને મને તો એક ખાસ કામ યાદ આવી ગયું. ગઈ રાતે મારાં વાઈફ અને હું સિનેમા જોવા ગયાં હતાં. ડિટેક્ટીવ સ્ટોરી હતી, 'પેરિસ મિસ્ટર' શરત મારેલી કે વાઈફ જો ઈન્ટરવલ સુધીમાં ખૂનીને પારખી લે તો મારે એને ચોકોલેટ્સનું બોક્સ ભેટ આપવું! અને... એ જીતી ગઈ!'

વિમલે આ વાત સાંભળી, પછી મંકોડો ભરેલી પેટી તરફ જોતો હોય એમ ઘડીક જોયું. પછી બોક્સને ગૌરવ ભણી હડસેલતાં કહ્યું, 'તમારે ચોકોલેટ્સના બોક્સની જરૂર છે, એમ ને? આ જ લઈ જાવ. મારે નકામું છે. વળી, ભેટ આવેલું છે. એના પૈસા આપવાના નથી.'

ગૌરવ પૈસેટકે સમૃધ્ધ જ હતો. બચત કરવાનો પ્રશ્ન નહોતો. પણ બજારે જવાની અને ચોકોલેટ્સ ખરીદવાની ઝંઝટ આથી ટળી જતી હતી. એ કારણ સ્પષ્ટ કરીને વિમલ પાસેથી એણે આ અણધારી ભેટ સ્વીકારી. બોક્સ પોતાના પોર્ટફોલીઓમાં મૂક્યું. પાર્સલના કાગળ, પેલું કવર, અંદરનો સંદેશો વગેરે બધું ટેબલ નીચે પડી રહ્યું, જે જિમખાનાના સફાઈ કામદારે સમેટીને કચરાપેટીમાં નાખ્યું. એ બધું પછીથી પોલીસે ફંફોસી કાઢ્યું. કારણ કે... કારણ કે એ સેમ્પલ ચોકોલેટ્સ જીવલેણ નીવડી હતી!

**(વાચક મિત્રો! આ ખૂની ચોકોલેટ્સની કથા આગામી સપ્તાહે આગળ જણાવીશું. પણ એક સલાહ આપીએ કે ગમે તેણે બનાવેલી, ગમે તેણે ભેટ ધરેલી ચોકોલેટ્સ ખાવામાં જોખમ હોઇ શકે છે.)**

**રહસ્યકથા 'ખાનદાન શ્રીમતીજી'નો ઉકેલ**

અજયના હોઠ આ અક્કડ સ્ત્રીની નિર્લજ્જતા જોઇ જરાક તંગ થયા. એણે પોલાદી સ્વરે કહ્યું: 'તમારા જેવાં લોકો માત્ર ધૃણા અને ધિક્કાર વડે ઘડાયેલાં હોય, એટલે વૈજ્ઞાનિક સત્ય સમજાવવુ અઘરું છે. પણ અહીં તમને સંડોવતા એક બે નાજુક મુદ્દા છે. તમે કહો છો એમ ચપ્પા માટે ખેંચતાણ થઇ હોય તો એના હાથા પરની છાપો રેળાયેલી, ભૂંસાયેલી, ખેંચાયેલી હોય. ઊંડી અને સ્પષ્ટ ન જ હોય. વાસ્તવમાં, તમે વહુને પછાડી દઇને ખૂબ ચોકસાઇથી જોરદાર રીતે એની ગરદનમાં ચપ્પુ પરોવી દીધું છે. તમારા પોતાના શબ્દો છે કે એની શ્વાસનળી કપાઇ ગઇ છે. જો અકસ્માત ઇજા થઇ હોય તો એનું આટલું ચોક્કસ વિધાન થઇ ન શકે. હકીકતમાં તમે બધું જ ઠંડે કલેજે, ઇરાદાપૂર્વક કર્યું છે. ધિસ ઇઝ એ મર્ડર ઇન ધી ફર્સ્ટ ડિગ્રી, મારા ખાનદાન શ્રીમતીજી!'